# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.08.2026** **MORNING: 9.50 TO 10.00**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

***************************************************

1) 80મા સ્વતંત્રાદિનની ઉજવણી પ્રસંગે દિલ્હીના લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કર્યા બાદ રાષ્ટ્રને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ રાષ્ટ્રને સપ્ત ધારા તરીકે ઓળખાતી સાત શક્તિના પ્રવાહોનો ઉપયોગ કરવા હાકલ કરી.

2) પ્રધાનમંત્રીએ તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવા પર ભાર મૂક્યો.

3) સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે પ્રથમ વખત લાલ કિલ્લા પર વંદેમાતરમનું ગાન થયું.

4) દિલ્હીની સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટે NEET UG પેપર લીક કેસમાં વધુ તપાસ માટે CBIને મંજૂરી આપી.

5) ઇન્ડોનેશિયામાં 7.7 તીવ્રતાના ભૂકંપથી ભારે નુકસાન.

6) ભારત અને શ્રીલંકા વચ્ચે આજે ગાલેમાં પ્રથમ ટેસ્ટ મેચ – ભારતે ટોસ જીતી બેટિંગ પસંદ કરી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SAMBODHAN

દેશ 80માં સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે દિલ્હીના લાલ કિલ્લાની પ્રાચીર પરથી તિરંગો લહેરાવ્યા બાદ રાષ્ટ્રને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ રાષ્ટ્રને સપ્ત ધારા તરીકે ઓળખાતી સાત શક્તિના પ્રવાહોનો ઉપયોગ કરવા હાકલ કરી. તેમણે કહ્યું કે, આગામી પાંચથી સાત વર્ષમાં, દેશ તે તમામ લક્ષ્યો પ્રાપ્ત કરશે જે છેલ્લા પાંચથી સાત દાયકામાં પ્રાપ્ત થઈ શક્યા નથી. તેમણે કહ્યું કે, યુવાનોસપ્ત ધારાની શક્તિ અને સંભાવના સાથે, સરકાર રાષ્ટ્રને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને તેને નવા લક્ષ્યો પ્રાપ્ત કરવા અને તેને પાર કરવા માટે સશક્ત બનાવશે.

## બાઇટ- પ્રધાનમંત્રી સપ્ત ધારા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને અન્ય દેશો પર નિર્ભર રહેવાને બદલે આત્મનિર્ભર બનવા ઉપર ભાર મૂક્યો છે..

## બાઇટ- પીએમ આત્મનિર્ભર

રાજઘાટ પર મહાત્મા ગાંધીને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ લાલ કિલ્લા પર પ્રધાનમંત્રી પહોંચ્યા હતા જ્યાં હેલિકોપ્ટરમાંથી પુષ્પવર્ષા કરાઇ હતી... કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યો તેમજ વિદેશી મહેમાનો અને દેશના ગણમાન્ય વ્યક્તિઓની ઉપસ્થિતીમાં યોજાયેલા સ્વંતત્રતા પર્વની ઉજવણીમાં પહેલીવાર રાષ્ટ્રીય ગીત વંદેમાતરનું ગાન કરાયું હતું.

## બાઇટ- પીએમ વંદે માતરમ

છેલ્લા 12 વર્ષની સરકારની ઉપલબ્ધીઓ વિશે પોતાના સંબોધનમાં બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે દેશની વિકાસની ગતિએ વેગ પકડ્યો છે..જેને કારણે આજે દેશનું અર્થતંત્ર સૌથી ઝડપતું વિકાસ પામતુ અર્થતંત્ર બન્યું છે.

## બાઇટ- પીએમ મોદી ... 12 ઇયર્સ

પ્રધાનંત્રીએ કહ્યું કે, આજે યુવાનો વિકસતિ ભારતના નિર્માણ માટેના પાયામાં છે. શ્રી મોદીએ વિકસતિ ભારતના સર્જન માટે યુવાનોના યોગદાન પર ભાર મૂક્યો હતોં. આગામી એક વર્ષમાં એક કરોડ યુવાનોને AI કૌશલ્ય તાલીમ આપવામાં આવશે. ખર્ચ, ગુણવત્તા અને કૌશલ્ય પર દેશે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આ સાથે પાંચ થી 15 વર્ષની વયના બાળકોમાં પ્રતિભા ઓળખવા માટે ગામડાઓ, શહેરો અને શાળાઓમાં પ્રતિભા શોધ અભિયાન શરૂ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ ઊર્જા સુરક્ષા, પાંચ નવા પરમાણુ રિએક્ટર કાર્યરત કરાયા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. રેલવેના કોચ નિર્માણ, મોબાઇલ ઉત્પાદન, ઇન્ટરનેટના વપરાશમાં વધારો જેવી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો તેમજ નશામુક્ત ભારત અભિયાનમાં યુવાનો, યુવાનોના માતાપિતાઓને જોડાવા આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં રાજકિય પક્ષોને મહિલા અનામત બિલ પસાર કરવા પર સહયોગ આપવા આહ્વાન કર્યું હતું.

# PM - INDEPENDENCE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, આજે દેશ અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PRESIDENT - ADDRESS TO NATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધતા કહ્યું 'આત્મનિર્ભર ભારત અભિયાન' એ દેશની આર્થિક પ્રગતિ અને રાષ્ટ્રીય સુરક્ષાનો પાયો વધુ મજબૂત બનાવ્યો છે. દેશને નક્સલમુક્ત બનવાને રાષ્ટ્રપતિએ મોટી સિદ્ધિ ગણાવી અને કહ્યું કે, વિદ્યાર્થીઓ ભારતના ભવિષ્યના શિલ્પી છે અને સરકાર જાહેર પરીક્ષાઓમાં સુધારા માટે વ્યાપક પગલાં લઈ રહી છે.

# PRESIDENT'S GALLANTRY AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ સંરક્ષણ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના કર્મચારીઓને 78 શૌર્ય પુરસ્કારોને મંજૂરી આપી છે. 13 પુરસ્કારો મરણોપ્રાંત આપવામાં આવ્યા છે. જેમાં નવ કીર્તિ ચક્ર, એક શૌર્ય ચક્ર, 19 શૌર્ય ચક્ર, પાંચ શૌર્ય ચક્ર, 36 સેના ચંદ્રકો, ત્રણ નૌસેના ચંદ્રક અને પાંચ વાયુ સેના ચંદ્રકોનો સમાવેશ થાય છે.

# DELHI COURT- NEET

દિલ્હીની સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટે NEET UG પેપર લીક કેસમાં વધુ તપાસ કરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) ને મંજૂરી આપી છે, કારણ કે તપાસ દરમિયાન નવા પુરાવા સામે આવ્યા છે. CBIએ NEET UG પેપર લીક કેસમાં 13 આરોપીઓ સિવાય જેમની સામે ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે તેમની તપાસ ચાલુ રાખવાની પરવાનગી માંગી હતી. જજ અજય ગુપ્તાએ CBIની અરજીને મંજૂરી આપતા કહ્યું કે, ટ્રાયલ શરૂ થયા પછી પણ વધુ તપાસ કરી શકાય છે.

# NTA-ANSWER KEY

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જાહેરાત કરી કે UGC-NET, CSIR-NET અને AICE (PhD) 2026 માટે કામચલાઉ જવાબ વહી આવતીકાલે પ્રકાશિત થશે. NTAએ ઉમેદવારોને પરીક્ષાઓ અને જવાબ વહી અંગે એજન્સીના સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ આધાર રાખવાની સલાહ આપી છે.

# INDONESIA EARTHQUAKE (EARLY)

ઇન્ડોનેશિયા નજીક સમુદ્ર પાસે વહેલી સવારે 7.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપને કારણે ઘરો અને જાહેર ઇમારતોને ભારે નુકસાન થયું છે અને સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તાત્કાલિક કોઈ જાનહાનિના અહેવાલ નથી. અસરગ્રસ્ત દરિયાકિનારાના રહેવાસીઓને ઊંચાઈવાળા સ્થળેથી ખસી જવાની સલાહ આપવામાં આવી છે.

# CRICKET

ક્રિકેટમાં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ શ્રીલંકાના ગાલે ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે થોડીવારમાં શરૂ થશે. ભારતે ટોસ જીતી બેટિંગ પસંદ કરી. ભારતીય ટીમ તેની 600મી ટેસ્ટ મેચ રમશે. ભારત હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમે છે. કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું કે, ટીમનું લક્ષ્ય વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલમાં પહોંચવાનું રહેશેં.

# GOVT—ADVERTISEMENTs

સરકારે ટેલિવિઝન ચેનલો માટે 12 મિનિટની જાહેરાત સમય મર્યાદા દૂર કરવાનો નિર્ણય લીધો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ નિર્ણય "કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો, 1994" માં સુધારા અંગેનું જાહેરનામું બહાર પડ્યાની તારીખથી અમલી બનશે. મંત્રાલયે જણાવ્યું કે, ટેલીવિઝન ક્ષેત્રમાં થયેલા ફેરફારોને ધ્યાને લઈને આ નિર્ણય લેવાયો છે.

# FM-PMIS

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના એ નોકરી માટે અરજી કરનારા ઉમેદવારોની ઉદ્યોગની અપેક્ષાઓ અને કૌશલ્ય વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવી છે. નવી દિલ્હીમાં ઇન્ટર્ન સાથે વાતચીત કરતા શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે, આ યોજના ઉદ્યોગના લોકો તેમજ સ્નાતકો અને ITI અભ્યાસક્રમો પૂર્ણ કરનારાઓ સાથે વાતચીત કર્યા પછી બનાવવામા આવી છે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવેલા આ યોજના હેઠળ 18 થી 25 વર્ષના લોકોને દર મહિને ઓછામાં ઓછી નવ હજાર રૂપિયાની નાણાકીય સહાય મળે છે.

# JAL SHAKTI MINISTRY - KEN BETWA

જળ શક્તિ મંત્રાલયે જણાવ્યું કે, કેન-બેટવા લિંક પરિયોજનાથી પ્રભાવિત પરિવારોને વળતર કે પુનર્વસન મળ્યું નથી તેવા આક્ષેપો ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે. એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, મોટાભાગના પરિવારોને સંપૂર્ણ વળતર અને પુનર્વસનના લાભો મળ્યા છે. મંત્રાલયે ખાતરી આપી હતી કે, કેન્દ્ર સરકાર, મધ્યપ્રદેશ સરકાર અને કેન-બેટવા લિંક પરિયોજના ઓથોરિટી અસરગ્રસ્ત તમામ પરિવારોને સમાન વળતર અને પુનર્વસન સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

કેન-બેટવા લિંક પરિયોજના, રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના (NPP) હેઠળ ભારતની મુખ્ય નદીઓને જોડતી પ્રથમ પરિયોજના છે. આ યોજના મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના બુંદેલખંડ પ્રદેશને સિંચાઈ, પીવાના પાણી પુરવઠા અને જળવિદ્યુત લાભો પૂરા પાડવા માટે કેન નદીમાંથી વધારાનું પાણી બેટવા નદીમાં ઠાલવવાનુ છે.

આ યોજના 10.62 લાખ હેક્ટર જમીનની સિંચાઈ, આશરે 6.2 મિલિયન લોકો માટે પીવાનું પાણી અને 103 મેગાવોટ જળવિદ્યુત ઉત્પન્ન કરશે.

# US SENATORS INDIA'S I DAY

અમેરિકાના ટોચના સેનેટરો અને રાજકીય નેતાઓએ ભારતના 80મા સ્વતંત્રતા દિવસ પૂર્વે ભારત સાથેની મજબૂત દ્વિપક્ષીય ભાગીદારી પર ભાર મૂકતા જણાવ્યું કે, ભારતની સિદ્ધિઓ અને તેના લોકો વિશ્વને હંમેશા પ્રેરણા આપતા રહ્યા છે.

અમેરિકાના પેસિફિક નોર્થવેસ્ટ રાજ્યના સેનેટરો અને ગવર્નરોએ સાંસ્કૃતિક માળખા, આર્થિક ગતિશીલતા અને નાગરિક જીવનમાં ભારતીય અમેરિકનોના યોગદાનને સન્માનિત કર્યું હતું. ન્યૂયોર્કથી લઈને સિએટલ સુધી અમેરિકન રાજ્યોના ગવર્નર અને સેનેટરોએ કહ્યું કે, 15 ઓગસ્ટ 2026ને તેમના સંબંધિત પ્રદેશોમાં 'ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવશે.